

# સાયન્સ એમ્બેસેડર સ્કોલરશિપ જીતતી ન્યુ જર્સીની યુવતી સોના

**લોસ એન્જલસઃ** યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયાની સોના દધાનિયાએ ગયા અઠવાડિયે ૨૦૧૬ સાયન્સ એમ્બેસેડર સ્કોલરશિપ જીતી લીધી હતી, જે 'કાર્ડ્સ અગેઈન્સ્ટ હ્યુમનિટી' દ્વારા આપવામાં આવી હતી. આ સ્પર્ધામાં એક હજાર અરજીકર્તાઓએ ભાગ લીધો હતો. નિષ્ણાતોની પેનલ દ્વારા ટોચના વિજેતાની જાહેરાત કરવામાં આવી હતી. સોનાનું નામ સંસ્થા દ્વારા ૧૧મી એપ્રિલે જાહેર કરવામાં આવ્યું હતું, જેને સ્ટડી મટીરિયલ સાયન્સ એન્ડ એન્જિનિયરિંગના અભ્યાસ માટે ચાર વર્ષ માટે સંપૂર્ણ ટ્યુશન મળશે.

ન્યુ જર્સીની ટેરી હિલ્સની ૧૮ વર્ષની સોના દધાનિયાએ જણાવ્યું હતું કે હું જીતી ગઇ છું તે વાતથી મને આશ્ચર્ય થયું હતું અને હું તે સાંભળવા તૈયાર ન હતી.

સોના સાઉથ એશિયન કલ્ચરલ ડાન્સ ટીમ 'પેન રાસ'ની સભ્ય પણ છે. આ સ્કોલરશિપની રચના સીએચ સંસ્થા દ્વારા 'સાયન્સ પેક'ની સફળતા પછી કરવામાં આવી હતી, જે દસ ડોલરનું એક્સપેન્શન પેક છે અને CardsAgainstHumanity.com પર ખરીદી કરવાથી ઉપલબ્ધ થાય છે.

સીએચના કોમ્યુનિટી ડિરેક્ટર જેન બેને જણાવ્યું હતું કે સાયન્સમાં મહિલાઓની ક્ષમતા વધારવા માટે અમે આ સ્કોલરશિપની રચના કરી હતી. અમારામાંથી ઘણા બધા લોકોની પશ્ચાદભૂ સાયન્સ એન્ડ ટેક્નોલોજીમાં છે. આપણે જોઈએ છીએ કે સ્ટેમ ક્ષેત્રોમાં મહિલાઓની પાંખી હાજરી હોય છે. આથી અમે મહિલાઓના અન્ડર ગ્રેજ્યુએટ શિક્ષણ માટે ભંડોળ એકઠું કરવાનો નિર્ણય કર્યો હતો, જેથી તેઓ સાયન્સ પ્રત્યે પોતાના લગાવ વિશે જાહેરમાં ચર્ચા કરી શકે.

તેમણે જણાવ્યું હતું કે સીએચ દ્વારા સ્કોલરશિપ માટે વિડિયો અરજીઓ સ્વીકારવામાં આવી હતી, જે મહિલાઓને પ્લેટફોર્મ પૂરું પાડે છે અને દર્શકો તેની રજૂઆતથી ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા. નેનો ટેક્નોલોજી વિશેના તેના વિડિયોથી નિષ્ણાતો તરત જ પારખી ગયા હતા કે તે શ્રેષ્ઠ વિડિયોમાંનો એક વિડિયો છે.

વિજેતા તરીકે સોના સ્ટેમ વિશે વિડિયો બનાવવાનું ચાલુ રાખશે, જે કાર્ડ્સ અગેઈન્સ્ટ હ્યુમનિટીની યુટ્યુબ ચેનલ પર પ્રસારિત થશે.

સોનાએ જણાવ્યું હતું કે સાયન્સ પ્રત્યેનો પ્રેમ હું બીજા લોકો સાથે વહેંચવામાં વધુ રાહ જોઈ શકું તેમ નથી. સાયન્સ પ્રત્યે મને પ્રેરણા આપનારા લોકોની હું આભારી છું અને મને આશા છે કે સાયન્સ એમ્બેસેડર તરીકે હું બીજી વ્યક્તિઓમાં સાયન્સ પ્રત્યેનો પ્રેમ અને જુસ્સો ઊભો કરી શકીશ.

સોના દધાનિયા એક દિવસ માટે કેમિકલ, એન્જિનિયરિંગ અથવા એરોસ્પેસ કંપનીમાં કામ કરવા માટેની યોજના બનાવી રહી છે.